# એડીનેટ ઈ–ન્યુઝ ડાયજેસ્ટ


## નંબર-૫૯ ઓગષ્ટ-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો | ૨ |
| એવોર્ડ મેળવવા બદલ ખુબ ખુબ અભિનંદન to Dr. H. Anil Kumar | ૨ |
| ભારતમાં, ટોડલર્સ વાત કરે તે પહેલાં કોમ્પ્યુટર કોડ લખવાનું શરૂ કરે છે. | ૨ |
| પબ્લિક લાયબ્રેરીઓ ભવિષ્ય માટે અમને કેવી રીતે તૈયાર કરવામાં મદદ કરી શકે. | ૨ |
| IT થી હેલ્થકેરમાં પરિવર્તન આવ્યું : THCIT-2019 સપ્ટેમ્બરમાં હૈદરાબાદમાં યોજાશે. | ૨ |
| યુનિયન બજેટ ૨૦૧૯ | ૩ |
| ભારતમાં ૫ થી ૯ વર્ષના ૨૭% સ્પેશિયલી સક્ષમ બાળકો શાળામાં કયારેય ભણવા નથી આવ્યા : યુનેસ્કો | ૩ |
| અગત્યના પુસ્તકો ઉપર ૫% કસ્ટમ ડ્યૂટી નાખવામાં આવી. | ૪ |
| બાળકો દ્વારા તેમના સ્કૂલબેગમાં કેટલું મહત્તમ વજન ઉપાડવું જોઈએ-અભ્યાસ | ૫ |
| ભારતમાં પબ્લિક લાયબ્રેરીઓ માટેનું નબળું રાજ્ય. અહીં દર ૧૧૫૦૦ લોકો માટે એક ગ્રામીણ લાયબ્રેરી અને ૮૦,૦૦૦ થી વધુ લોકો માટે એક શહેરી લાયબ્રેરી છે. | ૫ |
| એક દિવસ માટે ડીજીટલ ડીટોક્સ ? તેને શક્ય બનાવો. | ૫ |
| ડીજિટલ દુનિયામાં લાયબ્રેરીઓને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છીએ | ૬ |
| શિક્ષકો કહે છે કે, “નવી શૈક્ષણિક પોલીસી વાસ્તવિકમાં ઘણી સારી છે.” | ૭ |
| ઘરે પુસ્તકો વસાવવાથી બાળકોને હોંશિયાર બનાવી શકાય છે. | ૭ |
| શિક્ષણની ગુણવતા અને પહોચમાં સુધારો કરવા સરકારના લાંબાગાળાના સુધારાઓ | ૭ |
| ગાંધીપીડિયા મહાત્મા ગાંધી વિશેની ઓનલાઈન રીપોઝીટરી | ૮ |

## થોભો અને વિચારો

મારી સાથે જે કાંઈ બને છે તે દરેકને હું નિયંત્રિત કરી શકતો નથી.
હું જેવી રીતે પ્રતિભાવ આપું છે માત્ર તેના પર મારું નિયંત્રણ છે.
મારો પ્રતિભાવ મારી શકિત છે.

## એવોર્ડ મેળવવા બદલ ખુબ ખુબ અભિનંદન to Dr. H. Anil Kumar !




## ભારતમાં, ટોડલર્સ વાત કરે તે પહેલાં કોમ્પ્યુટર કોડ લખવાનું શરૂ કરે છે.

આજના ડિજિટલ યુગમાં, મોટાભાગના બાળકો સારી રીતે બોલતા અથવા ચાલતા શીખે તે પહેલા બાળકો સ્વાઈપ અથવા કિલક કરતા શીખે છે. સ્માર્ટફોન અને ટેબલેટ બાળકોના ડીજીટલ સાથીદારો છે.

## પબ્લિક લાયબ્રેરીઓ ભવિષ્ય માટે અમને કેવી રીતે તૈયાર કરવામાં મદદ કરી શકે.

પેઢીઓથી, માણસોનું જ્ઞાન, માહિતી અને સંસ્કારોને અન્વેષણ કરવામાં લાયબ્રેરીઓ મદદ કરે છે. પબ્લિક લાયબ્રેરીનું અન્વેષણ કરવામાં લાયબ્રેરીઓ ભવિષ્ય માટે અમને કેવી રીતે તૈયાર કરવામાં મદદ કરી શકે.
પેઢીઓથી, માણસોનું જ્ઞાન, માહિતી અને સંસ્કારોનું અન્વેષણ કરવામાં લાયબ્રેરીઓ મદદ કરે છે. પબ્લિક લાયબ્રેરીનું ઇનોવેશન એટલે પબ્લિક લાયબ્રેરીના સંગ્રહો અને સેવાઓનો મહત્તમ ઉપયોગ વધારેમાં વધારે લોકો દ્વારા લઇ શકાય. આજની પબ્લિક લાયબ્રેરીઓ હાંસિયામાં મૂકાયેલા સમુદાયોને વપરાશકર્તાઓ તરીકે જોડાવવા કાર્ય કરે છે. અગ્રણી પ્રોજેક્ટો જેવા કે ટાઉનવેલી મુરી બુક ક્લબ કે જેમાં લાયબ્રેરીથી અજાણ લોકો માટે લાયબ્રેરીને અર્થપૂર્ણ બનાવાવાની રીતોનું અન્વેષણ કરે છે. તેમ છતાં, એક ક્ષેત્ર છે જેમાં પબ્લિક લાયબ્રેરીનો ઉપયોગ કરવામાં આવે છે. લાયબ્રેરીઓ ભવિષ્ય માટેનું આયોજન કરવામાં મદદ કરે છે.

## IT થી હેલ્થકેરમાં પરિવર્તન આવ્યું : THCIT-2019 સપ્ટેમ્બરમાં હૈદરાબાદમાં યોજાશે.

આઈટીથી હેલ્થકેરમાં પરિવર્તન એ ભારતમાં એપોલો ટેલીમેડીસીન નેટવર્કિંગ ફાઉન્ડેશન દ્વારા આયોજિત વાર્ષિક નેશનલ કોન્ફરન્સ

અને ટ્રેડશો છે. જે ભારતના હૈદરાબાદમાં ૧૩-૧૪ સપ્ટેમ્બરના રોજ એચઆઈસીસીમાં યોજાનાર છે.

## યુનિયન બજેટ ૨૦૧૯

**નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું. જેમાં નિર્મલા સિતારામને દેશમાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન અને સુધારણા માટેની પહેલની વાત કરી છે. એન.એ.પી., એન.આર.એવું અને ભારતમાં ભણતર પર ધ્યાન આપ્યું છે.**

મહત્વના હાઈલાઈટસ:-
નાણામંત્રી નિર્મલા સીતારામન, તેમના પ્રથમ બજેટ ભાષણમાં માત્ર સાક્ષરતા જ નહી પરંતુ શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવાના મહત્વ પર ભાર મૂક્યો છે. યુનિયન બજેટ ૨૦૧૯માં નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટેનો માર્ગ-નિર્દેશ આપ્યો અને હાયર એજ્યુકેશન કમિશન (ઉચ્ચ શિક્ષણ પંચ)ની સ્થાપના માટેની જોગવાઈ પણ કરી છે.

દેશમાં ઉચ્ચ શિક્ષણમાં સુધારણા કરવા માટે, નાણામંત્રીએ તેમના ભાષણમાં નેશનલ રીસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવાની દરખાસ્ત કરી. નેશનલ રીસર્ચ ફાઉન્ડેશનનો હેતુ વિવિધ સંશોધન ભંડોળને આત્મસાત કરવા અને યુવાનો માટે એકીકૃત પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર દેશના વિવિધ સંશોધન પહેલને ભંડોળ, સહમતિ અને પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

સરકારનો હેતુ દેશમાં ઉચ્ચ શિક્ષણના ધોરણોમાં સુધારો કરવાનો છે. ઉચ્ચ શિક્ષણ નવીનીકરણ અને સંશોધનનું સાચું કેન્દ્ર બનવા માટે, બજેટ ૨૦૧૯મા વર્લ્ડ ક્લાસ સંસ્થાઓની પહેલને ૪૦૦ કરોડ ફાળવવાનો પ્રસ્તાવ છે. આ બદલામાં આઈ.આઈ.ટી. અને અન્ય યુનિવર્સીટીઓ સહિત ટોચની શૈક્ષણિક સંસ્થાઓને અસરકારક સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરશે.

સરકારે બજેટ ૨૦૧૯માં ભારતમાં અભ્યાસ કરવાનું કહ્યું છે. આ પહેલ ભારતમાં વિદેશી વિધાર્થીઓને આવવા અને અભ્યાસ કરવા આકર્ષિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, બદલામાં વધુ સારી વિવિધતાને પ્રોત્સાહન અપાશે. આ પહેલથી આવકમાં સુધારો થશે તેવી અપેક્ષા છે અને શૈક્ષણિક સંસ્થાઓને ભંડોળ પૂરું પાડવામાં આવશે.

**Source |** Education Budget 2019: New NEP, Higher Education Commission, National Research Foundation and Study in India | Education News

## ભારતમાં ૫ થી ૯ વર્ષના ૨૭% સ્પેશિયલી સક્ષમ બાળકો શાળામાં કયારેય ભણવા નથી આવ્યા : યુનેસ્કો

યુનેસ્કોનો રીપોર્ટ કે જે ૩ જુલાઈના રોજ પ્રસિધ્ધ થયો તેમાં જણાવ્યા અનુસાર ભારતમાં ૧/૪ અથવા ૨૭% સ્પેશિયલી

**સક્ષમ** બાળકો કે જે ૫ થી ૧૯ વર્ષના છે તે કયારેય શાળામાં ભણવા માટે નથી ગયા.

1) યુનેસ્કો અને ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સના રિપોર્ટ અનુસાર, માત્ર ૬૧% અપંગ બાળકો કે જે ૫ થી ૧૯ વર્ષના છે. તેઓ કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરે છે. આ રીપોર્ટ ૨૦૧૧ના સેન્સસ ડેટા ઉપર આધારિત છે.
2) રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ૧૨% અપંગ બાળકો તેમનું શિક્ષણ છોડી દે છે. ૨૭% અપંગ બાળકો ક્યારે પણ કોઈ શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવા જતા નથી.
3) રીપોર્ટમાં એમ પણ નોંધવામાં આવ્યું છે કે શાળામાં અપંગ છોકરાઓ કરતાં અપંગ છોકરીઓની સંખ્યા ઓછી છે.
4) માત્ર ૨૦% બાળકો કે જેમને જોવામાં અને સાંભળવામાં તકલીફ પડે છે તેઓ શાળાએ નથી જતા. તેમ છતાં ૫૦% બહુવિધ અપંગતાવાળા બાળકો અથવા માનસિક બીમારીવાળા બાળકો કયારેય શાળામાં ભણવા માટે નથી જતા.
5) રાઈટ ઓફ પર્સન વીથ ડિસેબિલિટી(અપંગતા) એકટ ૨૦૧૬ મુજબ ૬ થી ૧૮ વર્ષના અપંગતા ધરાવતા દરેક બાળકને મફત શિક્ષણ મેળવવાનો અધિકાર છે.
6) સરકાર દ્વારા ચલાવાતી શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સરકારની માન્ય સંસ્થાઓએ અપંગ બાળકોને શિક્ષણ પ્રદાન કરવું.
7) રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે શિક્ષણ મેળવવાનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને અપંગતા અધિનિયમ ૨૦૧૬ વચ્ચે અસંગતતા છે. શિક્ષણ મેળવવાના અધિકારનો અધિનિયમ માત્ર નોંધણીનો આદેશ આપે છે, પરંતુ અપંગ બાળકોને આપવામાં આવતા શિક્ષણ માટે જરૂરી સંસાધનોની જોગવાઈ નથી કરવામાં આવતી.
8) રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે શિક્ષણ મેળવવાના અધિકારના અધિનિયમ ૨૦૦૯માં સુધારો થવો જોઈએ જેથી તેને રાઈટ ઓફ પર્સન વીથ ડિસેબિલિટી(અપંગતા) એકટ સાથે સુસંગત બનાવવામાં આવે.

**Source |** http://factly.forumias.com/27-of-children-with-disabilities-have-never-been-to-school-unesco/

## અગત્યના પુસ્તકો ઉપર ૫% કસ્ટમ ડયૂટી નાખવામાં આવી.

ભારતીય લેખકો અને પ્રકાશકોને પ્રોત્સાહિત કરવા માટે સરકારે આયત પુસ્તકો ઉપર ૫% કસ્ટમ ડયૂટી લાદવામાં આવી છે.

**Source | Union Budget 2019 (5th July 2019)**

## બાળકો દ્વારા તેમના સ્કૂલબેગમાં કેટલું મહત્તમ વજન ઉપાડવું જોઈએ-અભ્યાસ

વૈજ્ઞાનિકોએ સ્થાપિત કર્યું છે કે શાળાના બાળકો જે બેક્પેક્સનો ઉપયોગ કરે છે તેનું વજન બાળકના વજનના ૧૦%થી વધુ ન હોવું જોઈએ અને બાળકો જો ટ્રોલીનો ઉપયોગ કરે છે તો તેનું વજન બાળકના વજનના ૨૦%થી વધુ ન હોવું જોઈએ.

**Study Published at** | https://www.sciencedaily.com/releases/2019/07/190702112708.htm

## ભારતમાં પબ્લિક લાયબ્રેરીઓ માટેનું નબળું રાજ્ય. અહીં દર ૧૧૫૦૦ લોકો માટે એક ગ્રામીણ લાયબ્રેરી અને ૮૦,૦૦૦ થી વધુ લોકો માટે એક શહેરી લાયબ્રેરી છે.

પહેલો લાયબ્રેરી એક્ટ મદ્રાસ પબ્લિક લાયબ્રેરી એક્ટ ૧૯૪૮મા પસાર થયો. તેનું લક્ષ્ય પબ્લિક લાયબ્રેરી સેવાઓ આપવા માટે કાયદાકીય જોગવાઈ કરવાનું હતું.

ભારતમાં પબ્લિક લાયબ્રેરીની ચળવળ ૧૯મી સદીના અંતમાં શરૂ થઇ. આ ચળવળના પ્રણેતાઓ વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, અમેરિકન લાયબ્રેરીના સંચાલક વિલિયમ બોર્ડન અને ગણિતશાસ્ત્રી અને લાયબ્રેરિયન એસ. આર. રંગનાથન હતા. આ ચળવળ સાક્ષરતા વિકાસ માટે આઝાદી પૂર્વેની સામાજિક ચળવળનો ભાગ હતો જે કેરળ અને આંધ્રપ્રદેશ જેવા કેટલાક રાજ્યોમાં શરૂ કરવામાં આવી હતી.

આઝાદી પછી પબ્લિક લાયબ્રેરીઓ માટે સરકારી પહેલ કરવામાં આવી છે જેમ કે, શિક્ષણ અને સહાય માટેની પાંચ વર્ષની યોજનાઓના ભાગરૂપે સ્કૂલ લાયબ્રેરીઓનો સેવાઓને સુધારવા માટે નેશનલ મિશન ઓન પબ્લિક લાયબ્રેરીઝ, અને રાજા રામમોહનરોય લાયબ્રેરી ફાઉન્ડેશન (આર.આર.આર.એલ.એફ.)દ્વારા તાલીમ અને વિકાસના હેતુથી લાયબ્રેરી પ્રોગ્રામ માટે ગ્રાન્ટની જોગવાઈ કરવી. ગામડાં અને તાલુકાની કેટલીક પબ્લિક લાયબ્રેરીઓને પણ ઈમારતોના નિર્માણ અને સુવિધાઓની જાળવણી માટે આર્થિક સહાય આપવામાં આવી છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં ૭૦,૮૧૭ લાયબ્રેરીઓ અને શહેરી વિસ્તારોમાં ૪૫૮૦ મિલિયનથી વધુ લોકોને સેવા પૂરી પાડે છે.

## એક દિવસ માટે ડીજીટલ ડીટોક્સ ? તેને શક્ય બનાવો.

મુંબઈના અંધેરી વિસ્તારમાં આવેલ એસ.પી.જૈન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ (એસ.પી.જે.આઈ.એમ.આર.) તેમના કેમ્પસમાં વિધાર્થીઓનું સ્માર્ટફોન ઉપરનું આશ્રિતપાનાને ઓછુ કરવા માટે

'ડીજીટલ ડિટેકસ ડે' મનાવવામાં આવ્યો. વિધાર્થીઓ અને સ્ટાફને એક દિવસ માટે તેમના મોબાઈલ ફોન અને લેપટોપને બંધ કરવાનું કહેવામાં આવ્યું અને ટેકનોલોજીના ઉપયોગ કર્યા વિના એકબીજા સાથે કનેક્ટ થવાનું કહેવામાં આવ્યું.

સંસ્થાએ તેમના કેમ્પસનું વાઈફાઈ ૧૦ કલાક માટે બંધ કરી દીધું અને દરેકને ચર્ચા તથા રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આ સંસ્થાના ડીન રંજન બેનરજી કહે છે કે, "ટેકનોલોજી આપણા જીવનમાં સકારાત્મક શકિત છે. જો કે ઘણાં લોકો જાણે છે કે વ્યસનના કેટલાક પાસાં છે એજ અર્થપૂર્ણ વાર્તાલાપ અને જોડાણની આપણી ક્ષમતામાં પ્રવેશ કરે છે અને ઉપકરણો પર વધુ પડતું અવલંબન બનાવી શકે છે. ડિટોકસ આપણને આ અવલંબન વિશે જાગૃત કરવામાં મદદ કરે છે."

શહેરોની કોલેજોમાં ટેકનોલોજીમાંથી વિરામ લેવાનો ખ્યાલ ધીરે ધીરે અપનાવામાં આવ્યો છે.

ઘણા માતા-પિતા ફેમીલી- થેરાપી સત્રોમાં બેસવા સંમત થયા છે, જ્યાં માતા-પિતા અને બાળકો એકબીજાને ઈન્ટરનેટથી દૂર રહેવા માટે પ્રોત્સાહિત કરશે, ખાસ કરીને સોશિયલ મીડિયા.

## ડીજિટલ દુનિયામાં લાયબ્રેરીઓને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છીએ

વાંચનની ટેવ પાડવી અને લાઈબ્રેરીઓને જીવંત સ્થળ બનાવવા માટે સરકારે ધ્યાન કેદ્રિત કર્યું છે. આ પહેલના ભાગરૂપે, તેમાં શાળાના શિક્ષકો, લાયબ્રેરીયનો અને રાજ્ય સરકારના અધિકારીઓનો સમાવેશ ક્યોઁ છે.

ટાટા ટ્રસ્ટની પહેલ પરાગ ધ્વારા ૨૦૦૫થી ભારતીય ભાષાઓમાં સાહિત્યના પ્રકાશનને ટેકો આપવાનું શરૂ થયું. શાહુ કહે છે કે, "અમે નફો નહી કરતા પ્રકાશકો સાથે કામ કરીએ છીએ. છેલ્લા દસ વર્ષમાં, અમે ૭ થી ૮ પ્રાદેશિક ભાષાઓમાં ૭૦૦થી વધારે મૂળ પુસ્તકોને ટેકો આપ્યો છે." ફક્ત પુસ્તકોનું પ્રકાશન કરવું પૂરતું નથી, પરતું તે પુસ્તકોને બાળકો ઉપયોગ કરી શકે તે મહત્વનું છે. શાહુ ઉમેરે છે, " અમે બાળકોની લાયબ્રેરીઓને પ્રોત્સાહન આપવા સંસ્થાઓ સાથે કામ કરવાનું શરૂ કર્યુ છે, આ બાળકોની લાયબ્રેરીઓમાં જુદા જુદા ફોર્મેટમાં પુસ્તકો આપવામાં આવે છે જેમકે, ઓડિયો, બ્રેઇલ, એનિમેટેડ, ઈ-બુક્સ વગેરે.અમે બાળકોના સાહિત્યને સોર્સિંગ, પ્રકાશિત અને પ્રસારિત કરવાના ત્રિપક્ષીય મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે."

ટ્રસ્ટ ધ્વારા શિક્ષકો અને લાયબ્રેરીયનોને તાલીમ આપવા માટે સાત મહિનાનો 'લાયબ્રેરી એજ્યુકેશન કોર્ષ' લોન્ચ કરવામાં આવ્યો છે.

**Source | Times of India | 8th July 2019**

**શિક્ષકો કહે છે કે, "નવી શૈક્ષણિક પોલીસી વાસ્તવિકમાં ઘણી સારી છે."**

પોલીસીમાં જણાવ્યા અનુસાર, " શિક્ષકોને બિન- શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની ના પાડવામાં આવી છે."

મુંબઈ: શિક્ષકો જણાવે છે કે નોકરી માટેની મૂળભૂત જરૂરિયાતમાં બી.એડ કોર્ષને ધ્યાનમાં લેવામાં નથી આવતો. શિક્ષક જિતેન્દ્ર તડવી જણાવે છે કે, " પોલીસીમાં જણાવ્યું છે કે શિક્ષક બનવા માટે ચાર વર્ષનો બી.એડ કોર્ષ માન્ય ગણાશે, પરંતુ ભરતી દરમિયાન આ કોર્ષ ને ધ્યાનમાં લેવામાં નથી આવતો. શિક્ષકોની શૈક્ષણિક લાયકાત તપાસ્યા વગર હંગામી ધોરણે તેમને લેવામાં આવે છે."
હાલમાં અભ્યાસક્રમ ૫-૩-૩-૪ ડિઝાઈનના માળખાને અનુસરે છે.

**Source | Free Press | 9th July 2019**

**ઘરે પુસ્તકો વસાવવાથી બાળકોને હોંશિયાર બનાવી શકાય છે.**

**Source | Free Press | 9th July 2019**

**શિક્ષણની ગુણવતા અને પહોચમાં સુધારો કરવા સરકારના લાંબાગાળાના સુધારાઓ**

ભારત સરકારે દેશભરમાં શિક્ષણની ગુણવતા વધારવા અને શિક્ષણ મેળવવા માટે નવી પહેલની શરુઆત કરી છે. સરકારી શાળાઓમાં સ્માર્ટ ક્લાસો શરૂ કરવા, વૈશ્વિક ખ્યાતનામ શિક્ષકો સાથેની વાતચીત, દેશભરમાં નવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાએ શરૂ કરવા જેવી અનેક પહેલ છે. તેમાંથી કેટલીક પહેલ નીચે મુજબ છે.

- સ્વયમ મૂક પોર્ટલ
- નેશનલ ડીજીટલ લાયબ્રેરી
- ઉન્નત ભારત અભિયાન (યુબીએ)
- પંડિત મદન મોહન માલવીયા નેશનલ મિશન ઓન ટીચર્સ એન્ડ ટીચિંગ
- ગ્લોબલ ઈનિસ્ટેટીવ ઓફ એકેડમિક નેટવર્કસ (જી.આઈ.એ.એન.)
- ઈમપ્રિન્ટ ઇન્ડિયા
- ઉચ્ચત્તર આવિષ્કાર યોજના (યુ.એ.વાઈ.)
- પ્રાઈમ મીનીસ્ટર રીસર્ચ ફેલોસ (પીએમઆરએફ)
- સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન
- નેશનલ ઇન્સ્ટીયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એન.આઈ.આર.એફ.)
- હાયર એજ્યુકેશન ઈન ફાઈનાન્સિયલ એજન્સી (એચ.ઈ.એફ.એ.)
- રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.)
- ઈ-પાઠશાલા

**Source** https://digitallearning.eletsonline.com/2019/07/governments-far-

[reaching-reforms-to-improve-quality-and-access-to-education/]

**ગાંધીપીડિયા મહાત્મા ગાંધી વિશેની ઓનલાઈન રીપોઝીટરી**

**ગાંધીપીડિયા** મહાત્મા ગાંધી વિશેની ઓનલાઈન રીપોઝીટરી હવે કૃત્રિમ બુધ્ધિના ઉપયોગ દ્વારા ગાંધીજીને સાહિત્યને ઉકેલી શકાશે.

અમદાવાદ:- નાણામંત્રી નિર્મલા સિતારામને બજેટની સ્પીચ આપતા જણાવ્યું છે કે, મહાત્મા ગાંધી વિશેની ઓનલાઈન રીપોઝીટરી 'ગાંધીપીડિયા' તૈયાર કરવામાં આવશે. આ પ્રોજેકટમાં આઈ.આઈ.ટી. ખડગપુર અને આઈ.આઈ.ટી. ગાંધીનગરના નિષ્ણાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**Source|** https://timesofindia.indiatimes.com

**NASA Link | https://images.nasa.gov/**

**Press Release | https://www.news4jax.com/news/nasa-launches-new-library-for-photos-and-videos**

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહલાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ.